ૐ

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર ખાતેની વડી કચેરીનું આધુનિકરણ કરવા માટે રૂ.૧૦૦.૦૦ લાખની જોગવાઈમાંથી બચત રહેલ રૂ.૩૦.૦૦ લાખમાંથી રૂ.૧૨.૦૦ લાખ ખર્ચ કરવા માટેની મંજૂરી બાબત.....

૪૫ ખુરશીઓ અને એક કોમ્પેક્ટરની ખરીદી બાબત

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-અવક/૧૦૨૦૧૧/૭૯૩૩૨૫/જ,
સચિવાલય, ગાંધીનગર.

તા:- 11 AUG 2015

<u>વંચાણમાં લીધા:-</u>

૧. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તા:૦૧/૦૫/૨૦૧૨ નો સમાન ક્રમાંકનો ઠરાવ.

૨. ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરનો તા:૨૦/૦૭/૨૦૧૫નો પત્ર ક્રમાંક:અવિકો/વહટ/૨૦૧૫-૧૬/૨૮૨૯.

<u>આમુખ:</u>

ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરની વડી કચેરીના આધુનિકરણ માટે વંચાણે લીધેલ ક્રમાંક:૧ પરના તા:૦૧/૦૫/૨૦૧૨ ના ઠરાવથી રૂ.૧૦૦.૦૦ લાખની સને ૨૦૧૨-૨૦૧૩ વર્ષ માટેની નવી બાબતને વહીવટી મંજૂરી આપેલ હતી. વંચાણે લીધેલ ક્રમાંક-૨ પરના તા:૨૦/૦૭/૨૦૧૫ ના પત્રથી ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ દ્વારા સદર રકમમાંથી બચત રહેલ રૂ.૩૦.૦૦ લાખમાંથી નિગમ ખાતેનાં બોર્ડ રૂમમાં નિયામક મંડળના સભ્યો માટે ૪૫ ખુરશીઓ અને ફાઈલોને જાળવવા માટે એક કોમ્પેકટરની ખરીદી માટે રૂ.૧૨.૦૦ લાખની મંજૂરી આપવા માટે દરખાસ્ત કરેલ હતી.

<u>ઠરાવ:</u>

ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમની ઉકત દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાના અંતે વર્ષ:૨૦૧૨-૧૩માં મંજુર કરેલ રૂ.૧૦૦.૦૦ લાખની જોગવાઈમાંથી બચત રહેલ રૂ.૩૦.૦૦ લાખમાંથી નિગમ ખાતેના બોર્ડ રૂમ માટે ૪૫ ખુરશીઓ ડી.જી.એસ. એન્ડ ડી. રેઈટ કોંટ્રેક્ટથી ખરીદવા માટે અંદાજિત રૂ.૨.૦૦ લાખ અને ફાઈલોની જાળવણી માટે એક કોમ્પેકટરની ખરીદી માટે રૂ.૧૦.૦૦ લાખ એમ મળીને કૂલ રૂ.૧૨.૦૦ લાખની નીચે મુજબની શરતોને આધિન મંજુરી આપવામાં આવે છે:-

૧) ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તનમાન ખરીદનીતીની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

૩) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ સરન્ડર કરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા:૦૪/૦૮/૨૦૧૫ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.આર.મહેતા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ૧૦/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:
- માન. મંત્રીશ્રી (સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- સેક્શન અધિકારીશ્રી, નાણાં વિભાગ (અ-શાખા), સચિવાલય, ગાંધીનગર.
- પસંદગી ફાઇલ.